# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


અખબારી યાદી તારીખ:૨૪ જૂન, ૨૦૨૬

- **નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬ (NFHS-6) ના તાજેતરના આંકડાઓએ 'મહિલા સશક્તિકરણ' અને 'બેટી બચાવો, બેટી પઢાવો' પોલ ખોલી નાખી: ડૉ.હિરેન બેન્કર**
- **ગુજરાતમાં માત્ર ૧૬ ટકા મહિલાઓ જ ઘર કે જમીનની માલિકી ધરાવે છે: મહિલાઓને હજુ પણ સમાન અધિકાર મળ્યો નથી: ડૉ.હિરેન બેન્કર**
- **ડિજિટલ યુગમાં ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ આજે પણ ટેક્નોલોજીથી વંચિત: ગ્રામીણ વિસ્તારોમાં માત્ર ૪૬.૨ % મહિલાઓ પાસે જ મોબાઈલ: ડૉ.હિરેન બેન્કર**
- **રાજ્યની લગભગ ૨૫% મહિલાઓએ ક્યારેય શાળાનું પગથિયું જ ચડ્યું નથી: માત્ર ૩૮.૬ % મહિલાઓ જ ૧૦ વર્ષ કે તેથી વધુનો અભ્યાસ પૂર્ણ કરી શકી: ડૉ.હિરેન બેન્કર**

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬ (NFHS-6) ના તાજેતરના આંકડાઓએ 'મહિલા સશક્તિકરણ' અને 'બેટી બચાવો, બેટી પઢાવો' પોલ ખોલી નાખી. છેલ્લા ત્રણ દાયકાથી 'ગુજરાત મોડેલ' ની ગુલબાંગો કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ગુજરાતમાં મહિલાઓના શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા અને ડિજિટલ સશક્તિકરણની વરવી વાસ્તવિકતાને ઉજાગર કરી દીધી છે. ભાજપ સરકારના 'મહિલા સશક્તિકરણ'ના મોટા દાવાઓ માત્ર કાગળ પર જ સીમિત છે. રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક વિકાસની વાતો વચ્ચે, સામાજિક સૂચકાંકોમાં મહિલાઓની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬માં અનુસાર રાજ્યમાં દર ૪ માંથી ૧ મહિલા ક્યારેય શાળાએ ગઈ નથી આ ઘણી ચોંકાવનારી અને ચિંતાજનક બાબત છે. શિક્ષણના નામે કરોડો રૂપિયા ખર્ચવા છતાં પરિણામ મીંડું? ગુજરાતમાં ૬ વર્ષ કે તેથી વધુ વયની માત્ર ૭૬.૩ % મહિલાઓ જ ક્યારેય શાળાએ ગઈ છે. એટલે કે રાજ્યની લગભગ ૨૫% મહિલાઓએ ક્યારેય શાળાનું પગથિયું જ ચડ્યું નથી. વધુમાં, માત્ર ૩૮.૬ % મહિલાઓ જ ૧૦ વર્ષ કે તેથી વધુનો અભ્યાસ પૂર્ણ કરી શકી છે. રાજ્યમાં શહેરી અને ગ્રામીણ શિક્ષણમાં ભારે અસમાનતા જોવા મળી છે. શહેરી વિસ્તારોમાં ૫૧.૯ % મહિલાઓએ ૧૦ વર્ષ કે તેથી વધુનો અભ્યાસ કર્યો છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ આંકડો ઘટીને માત્ર ૨૮.૮% થઈ જાય છે. પુરુષો ૪૭ % ની સરખામણીમાં મહિલાઓનું આ શૈક્ષણિક સ્તર સરકારના 'બેટી બચાવો, બેટી પઢાવો'ના નારાની પોલ ખોલે છે. ભાજપ સરકાર વારંવાર વિકાસનું નકલી ચિત્ર ઉઘાડું પડી ગયું છે. આ અહેવાલે રાજ્યભરમાં મહિલાઓની સ્થિતિ અંગેની ગંભીર ખામીઓ ખુલ્લી પાડી છે. રાજ્યની લગભગ ચોથા ભાગની મહિલાઓ ક્યારેય શાળાએ ગઈ જ ન હોય, તો શું આને સાચા અર્થમાં 'મહિલા સશક્તિકરણ' કહી શકાય?

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૬ (NFHS-6) ના તાજેતરના આંકડાઓએ રજુ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિરેન બેન્કરે જણાવ્યું હતું કે આર્થિક સશક્તિકરણની સાચી ઓળખ સંપત્તિની માલિકી હોય છે.

પરંતુ ગુજરાતમાં માત્ર ૧૬ % મહિલાઓ જ ઘર કે જમીનની માલિકી ધરાવે છે. આ આંકડો સાબિત કરે છે કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહિલાઓને હજુ પણ સમાન અધિકાર મળ્યો નથી. વિકાસનું સાચું માપદંડ એ છે કે તે મહિલાઓ માટે કેટલી સમાન તકો અને સશક્તિકરણમાં પરિવર્તિત થાય છે, જેમાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ રહી છે. ડિજિટલ યુગમાં ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ આજે પણ ટેકનોલોજીથી વંચિત છે ગ્રામીણ વિસ્તારોમાં માત્ર ૪૬.૨ % મહિલાઓ પાસે જ મોબાઈલ છે. સમગ્ર ગુજરાતમાં માત્ર ૫૮.૮% મહિલાઓ પાસે પોતાનો મોબાઈલ ફોન છે ગુજરાતની માત્ર ૬૫.૭% મહિલાઓ જ ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, જેમાં ગ્રામીણ મહિલાઓ સંખ્યા માત્ર ૫૪.૩ % જ છે. લાખો મહિલાઓ શિક્ષણ, સરકારી સેવાઓ અને રોજગારીની તકો આપતી ડિજિટલ ઈકોસિસ્ટમથી સંપૂર્ણપણે બહાર છે. સરકાર માત્ર મોટી જાહેરાતો અને ઉત્સવો કરવાને બદલે, પાયાના સ્તરે મહિલા શિક્ષણ, આર્થિક માલિકી અને ડિજિટલ સમાનતા માટે નક્કર પગલાં ભરે તેવી કોન્ગ્રેસ પક્ષ માંગ કરે છે જેથી ખરા જ અર્થમાં મહિલાનું સશક્તિકરણ થાય.

ડૉ. હિરેન બેન્કર
પ્રવકતા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
9723550355